Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી / પીએચ. ડી. / ૧૩૮૩૦ / ૨૦૧૫.

તા. ૮–૯–૨૦૧૫

પ્રતિ,
પીએચ. ડી. સંશોધન અભ્યાસકર્તા સંશોધનાર્થી........

ભાઈશ્રી / બહેનશ્રી,

પીએચ. ડી. સંશોધન અભ્યાસકર્તા સંશોધનાર્થીઓને જણાવવાનુંકે પીએચ. ડી. સંશોધન અભ્યાસ સફળતા પુર્વક પાસ કર્યેથી યુ. જી. સી. ૨૦૦૯ ( Minimum standard for award of Ph. D. Degree ) ની ગાઈડ લાઈન મુજબના પ્રમાણ પત્રના નીચે મુજબના Criteria ધ્યાને લેતા નીચે મુજબની કાર્યવાહી પ્રોગ્રામની ફી / થીસીસ જમા કરાવતા સમયે કે સંશોધન અભ્યાસના સમય એક્ષટેન્શન માટે કરવાની આથી જાણ કરવામાં આવે છે.

(૧) Research Advisory committee - Review of progress ના ક્રેડીટ આપવાની જોગવાઈ હોય તેમજ સિન્ડીકેટની તા. ૧૪–૫–૨૦૧૪ના ઠરાવ ક્રમાંક (૬૧) અન્વયે પીએચ. ડી. ના પ્રોગ્રેસનું એવેલ્યુએશનના અહેવાલ બાબતે જો આંતરિક માર્ગદર્શક ભલામણ કરે તો વિદ્યાર્થીની પ્રોગ્રેસ એવેલ્યુએશન થયેલ છે, તે પ્રમાણેનું પ્રમાણપત્ર આપવા ઠરાવેલ હોય જે અવલોકનમાં લેતા પીએચ. ડી. સંશોધન અભ્યાસનું સંશોધન કરતા સંશોધનાર્થીએ આજ રોજ કે તે બાદ જે તે ટર્મની લાગુ પડતી ફી યુનિવર્સિટીમાં જમા કરાવતા સમયે છેવટની ( previous ) ટર્મમાં પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં કરેલ પ્રોગ્રેશનું પ્રમાણ પત્ર પીએચ. ડી. સંશોધન અભ્યાસના માર્ગદર્શક શિક્ષકનું રજુ કર્યેથી જ પીએચ. ડી. પ્રોગ્રામની હવે પછીની જે તે ટર્મની ફી યુનિવર્સિટી ધ્વારા સ્વીકારવામાં આવશે, જેની આથી જાણ કરવામાં આવે છે.

(૨) પીએચ. ડી. સંશોધનાર્થીએ ટર્મ શરૂ થયેથી દિન ૧૫ ( પંદર ) માં લાગુ પડતી ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, નિયત સમય બાદ ફી જમા કરાવનારે નિયમાનુસાર લેઈટ ફી સાથે જમા કરાવવાની રહેશે.

(૩) પીએચ. ડી. સંશોધનાર્થીએ સંશોધન અભ્યાસની નિયત ફી સંશોધન અભ્યાસની સિનોપ્સીસ જમા કરાવ્યાની ટર્મ સુધી જમા કરાવવાની રહેશે.

(૪) પીએચ. ડી. સંશોધનાર્થીએ રજીસ્ટ્રેશન તારીખથી ચાર વર્ષ (૮ ટર્મ ) પુર્ણ થયા બાદ સંશોધન અભ્યાસમાં વધુ સમયની જરૂર જણાય તો year to year બે વર્ષનું એક્ષટેન્શન માર્ગદર્શક શિક્ષકની ભલામણ રજુ કર્યેથી અને માન. કુલપતિશ્રી ધ્વારા મંજુરી મળ્યેથી આપવામાં આવશે.

(૫) Pre Ph. D. Presentaion before thesis submissionના ક્રેડીટ આપવામાં આવતા હોય તેથી પીએચ. ડી. સંશોધનાર્થીએ નિયમની જોગવાઈ મુજબ રીસર્ચ સ્ટડીઝ સમિતિ સમક્ષ ડ્રાફ્ટ થીસીસ રજુ કર્યાના આધાર પુરાવા માર્ગદર્શક શિક્ષક દ્વારા પ્રમાણીત કર્યેથી થીસીસ મુલ્યાંકન માટે સ્વીકારવામાં આવશે.

કુલસચિવ

નકલ સવિનય રવાના :
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી / યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી પ્રતિ,............જાણ તથા આપના અનુસ્નાતક વિભાગ / કોલેજમાં ફરજ બજાવતા પીએચ. ડી. સંશોધન અભ્યાસના માર્ગદર્શક શિક્ષકશ્રીને જાણ કરવા તથા માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન મેળવતા સંશોધનાર્થીને જાણ સારૂ.